# ઊંઝામાં આરોગ્ય સેવાઓ-દવાઓમાં વ્યાપક ફરિયાદો

ઊંઝા, તા.૩

સામાન્ય માનવી સ્વસ્ત અને તંદુરસ્તી રહે તે માટે રાજય સરકારે પ્રજાજનો માટે સારી આરોગ્ય વિષયક સુવિધાઓ ઘર આંગણે મળી રહે તે દિશામાં આયોજન કર્યું છે. તેમ છતાં ઉત્તર ગુજરાતના ઊંઝા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં કાર્યરત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પૈકી કેટલાક આરોગ્ય કેન્દ્રોમાં લોકોને આરોગ્ય વિષયક તબીબી સેવાઓ, દવાઓ ઉપલબ્ધ થતી નથી તેવી લોક ફરિયાદો ઉઠી છે.

ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ખાતે વર્ષોથી સરકારી દવાખાનાને છેલ્લા કેટલાક વર્ષોથી અપગ્રેડ કરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવાયેલ છે. અગાઉ જૂના બિલ્ડીંગમાં કાર્યરત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નવિન બિલ્ડીંગમાં ખસેડાયેલ છે. પરંતુ હમણાંથી કોણ જાણે કેમ આ આરોગ્ય કેન્દ્રના તબીબના મનસ્વી વર્તાવને લઈને સાંજના સમયે દર્દીઓ ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

અત્રે આરોગ્ય કેન્દ્રમાં સાંજના સમયે નિયમ મુજબ ઓ.પી.ડી. ચાલુ રાખવાની હોય છે. તેમ છતાં આરોગ્ય કેન્દ્રની કેસબારી પર દર્દી કઢાવવા જાય ત્યારે ફરજ પરના કર્મચારી દ્વારા ડૉકટરને મળો તેઓ કેસ કાઢવાનું કહેશે તો જ કેસ કાઢવામાં આવશે. આમ તબીબની મનસ્વી કાર્યપદ્ધતિની કેટલાયે દર્દીઓ અહીં તબીબી સારવાર અને દવાઓથી વંચિત રહે છે.

આમ કેન્દ્રમાં ફરજ બજાવતા તબીબની અનિયમિત હાજરી અને મનસ્વી વર્તાવથી દર્દીઓને આરોગ્ય વિષયક સેવાઓ ઉપલબ્ધ થતી નથી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઓપરેશન થિયેટર છે. તબીબ સ્ટાપ છે. છતાં આરોગ્ય કેન્દ્રમાં આવતા બિમાર વ્યક્તિઓ પૈકી બહારના દર્દીઓની સંખ્યા સામે અંદરનાં દર્દીઓની સંખ્યા સાવ જૂજ હોય છે. આમ આ સેન્ટર દર્દીઓને જરૂરી તબીબી સેવાઓ પુરી પાડવામાં નિષ્ફળ નિવડ્યું હોવાની છાપ લોકમાનસમાં ઊભી થઈ છે.

બીજું પ્રા.સા. કેન્દ્રમાં તબીબની દેખરેખ હેઠળ સુવાવડ થતી નથી. ગર્ભવતી મહિલાઓને મોટા ભાગે ખાનગી હોસ્પિટલોમાં ઊંચી ફી ભરીને પ્રસૂતિ કરાવવી પડે છે. બાળકો, વિદ્યાર્થીઓ માટે આશીર્વાદ રૂપ સેવા શાળા આરોગ્ય તપાસણીમાં પણ લાલીયાવાડી જ ચાલતી હોવાનું કહેવાય છે. અત્રે આ. કેન્દ્રની કાગળ પરની સ્થિતિ સામે વાસ્તવિક સ્થિતિ કંઈક જુદી જ છે.

તાલુકા મથક ઊંઝા ખાતે તાલુકા આરોગ્ય અધિકારાની કચેરી છે. જેના તાબામાં તાલુકાના જુદા જુદા ગામોના પ્રા.આ.કેન્દ્રો છે. પરંતુ તાલુકા હેલ્થ કચેરીની તદન નજીકના જ આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓને યોગ્ય તબીબી સેવાઓ, દવાઓ ઉપલબ્ધ થાય છે કે કેમ તે જોવાની કે તપાસ કરવાની કોઈને ફુરસદ નથી.

તાલુકાના મોટાભાગના પ્રા.આ. કેન્દ્રોમાં તબીબોની નિયમિત હાજરી હોતી નથી. તેમજ તબીબો બહારથી અપડાઉન કરતા હોઈ રાત્રિના સમયે ગ્રામીણ વિસ્તારના દર્દીઓને ઊંઝા કોટેજ હોસ્પિટલ યા શહેરની અન્ય ખાનગી હોસ્પિટલોમાં સારવાર માટે જવાની ફરજ પડે છે.



ત્રીજી ડિસેમ્બર 'વિશ્વ વિકલાંગ દિવસ' નિમિત્તે મોડાસા લાયન્સ કલબ સોસાસટી સંચાલિત બહેરા મુંગા વિદ્યાલયમાં લાયન્સ કલબ ઓફ મોડાસાની ટીમે વિવિધ રમતો જેવી કે લીંબુ ચમચી, દોરડા ફેંક, ગોળા ફેંક, બરછી ફેંક જેવી સ્પર્ધાનું આયોજન કરી સ્પર્ધામાં વિજેતા બાળકોને પ્રથમ, દ્વિતિય, તૃતીય ક્રમે વિજેતા બનનાર ખેલાડીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એન.કે. પરમાર, બાલ સુરક્ષા અધિકારી બિહોલા, લાયન્સ કલબ ઓફ મોડાસા પ્રમુખ મનુભાઈ પટેલ, મંત્રી ભાવેશ જયસ્વાલ, પૂર્વ પ્રમુખ સુરેશભાઈ પટેલ બહેરા મુંગા શાળા સ્ટાફ પરિવાર ઉપસ્થિત રહી દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

# વાર્ષિક યોજનાની તૈયારી માટે વિભાગો સાથે મેરેથોન બેઠક

ગાંધીનગર, તા.૪

રાજયની વાર્ષિક યોજના તૈયાર કરવા માટે વિભાગો સાથે બેઠકોનો દોર શરુ કરવામાં આવ્યો છે અને ડિસેમ્બરના અંતમાં વાર્ષિક યોજનાને આખરી ઓપ આપી દેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.



સરદાર કૃષિનગર એગ્રિકલચર યુનિવર્સીટીમાં આવેલ આસ્પિ કોલેજ ઓફ હોમસાયન્સ એન્ડ ન્યુટ્રીશનમાં માનવવિકાસ વિભાગના વડા ડો.પ્રજ્ઞયા દશોરાના નેતૃત્ત્વ હેઠળ વિશ્વ વિકલાંગ દિવસની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી જેમાં પાંચમા અને સાતમા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ દ્વારા વિકલાંગતાના અલગ અલગ ચાર્ટ બનાવી પ્રદર્શનમાં મુકવામાં આવેલા તેમજ આ કાર્યક્રમમાં માનવ વિકાસ વિભાગમાં ફરજ બજાવતા હેમાંક્ષી બરુવા, એમ.આર.માથકીયા તેમજ ખતીજાબેનના સહયોગથી તમામ કાર્યક્રમ સફળ બનાવવામાં આવેલ અને આ કાર્યક્રમમાં લેબ નર્સરીના બાળકોના વાલીઓ અંદાજિત ૬૦ જેટલા ઉપસ્થિત રહેલ તેમજ પાંચમા અને સાતમા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ દ્વારા વિકલાંગતા વિષે વિસ્તૃતમાં માહિતી પુરી પાડેલ.

આયોજન પ્રભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકારે આ વખતે અંદાજપત્રની પધ્ધતિમાં કેટલાક ફેરફારો કરવાનો નિર્ણય કર્યો છે જેમાં આયોજન અને બિન આયોજનની જગ્યાએ માત્ર મહેસુલી ખર્ચ અને મૂડી ખર્ચ દર્શાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ રાજયની વાર્ષિક યોજના તૈયાર કરવા માટે નાણા વિભાગ આયોજન પ્રભાગ તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે મેરેથોન બેઠકનો દોર શરુ કરવામાં આવ્યો છે.

બેઠકોમાં વિભાગો દ્વારા ચાલુ યોજનાઓ પાછળ અત્યાર સુધીમાં કરવામાં આવેલ ખર્ચ યોજનાઓની સિધ્ધીઓ અને હાંસલ કરવામાં આવેલ લક્ષ્યાંકો સહિત ગ્રાન્ટ વપરાશની વિગતો રજુ કરવામાં આવે છે. સાથે સાથે કેટલાક વિભાગો દ્વારા ચાલુ યોજનાઓ ઉપરાંત નવી યોજનાઓની દરખાસ્તો પણ રજુ કરવામાં આવે છે.

નાણા વિભાગ દ્વારા વિભાગો દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓની કામગીરી અને સફળતાની સમીક્ષા કરીને નવી યોજનાઓની જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને મંજુરી આપવામાં આવશે તેમજ ગત વર્ષે ફાળવવામાં આવેલી ગ્રાન્ટમાંથી કેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો અને કેટલી ગ્રાન્ટ વણ વપરાયેલી રહી હતી તેને ધ્યાનમાં રાખીને આગામી વર્ષ માટે વિભાગોને ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વખતે રાજય સરકાર વાર્ષિક યોજનામાં સામાન્ય વધારો કરે તેવી શકયતા છે. યોજનાનું કદ વધારવાને બદલે અસરકારક અને વ્યાજબી યોજનાઓ અમલી બને તેના પર સરકાર ધ્યાન કેન્દ્રિત કરી રહી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ માસના અંત સુધીમાં વિભાગો સાથે બેઠકો પૂર્ણ કરાયા બાદ નાણામંત્રી સાથે તમામ વિભાગોના વડાઓની બેઠક યોજાશે જેમાં ચર્ચાના અંતે વાર્ષિક યોજનાને આખરી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# તલોદ કોલેજમાં રાજય સરકાર સ્થાપિત કે. સી. જી. સંસ્થા દ્વારા મૂલ્યાંકન કરાયું

તલોદ, તા.૪

શેઠ એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ તલોદમાં તાજેતરમાં રાજય સરકાર દ્વારા સ્થાપિત 'એકેડેમિક અને એડમિનીસ્ટ્રેટીવ ઓડિટ' કરતી સંસ્થા કે.સી.જી. (નોલેજ કન્સોટિયમ ઓફ ગુજરાત) દ્વારા 'શિક્ષણની ગુણવત્તા અને એડમિનીસ્ટ્રેટીવ ઓડિટ' અંગેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેમાં કમિટી દ્વારા ૨.૭૭ પોઈન્ટ બી++ ગ્રેડ મેળવી ઉચ્ચતમ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જેને લઈને વિદ્યાર્થીઓમાં અને સમગ્ર પંથકમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી હતી. 'એકેડેમિક અને એડમિનીસ્ટ્રેટીવ ઓડિટ' માટેની કામગીરી કરવા માટે આવેલ ટીમના અધ્યક્ષ તરીકે ડૉ. રાજેન્દ્ર ચોટલિયા (સૌરાષ્ટ્ર યુનિ.), કો-ઓર્ડિનેટર તરીકે પ્રિ. ડૉ. પ્રણેશ ત્રિપાઠી (કડી કોલેજ) અને સભ્ય તરીકે પ્રિ. ડૉ. અશોકભાઈ દેસાઈ (વિમેન્સ કોલેજ સુરત) એ ઉપસ્થિત રહી કોલેજનું ઝીણવટભર્યું અને તલાવગાહી મૂલ્યાંકન-નિરીક્ષણ કર્યું હતું. તેમાં મુખ્યતા કોલેજના વિવિધ શૈક્ષણિક વિભાગો, ઈન્ફ્રાસ્ટ્રકચર, અધ્યાપકોની રીસર્ચ કવોલિટી, એડમિનીસ્ટ્રેશન, સંસ્થાગત આચાર્યનું નેતૃત્વ વિદ્યાર્થીઓના પરિણામ અને વિવિધ કૌશલ્યોની ક્ષમતા, એન.એસ.એસ., એન.સી.સી. અને સ્પોર્ટસ તેમજ કલ્ચરલ ક્ષમતા અને થયેલ છેલ્લા પાંચ વર્ષની કામગીરી તેમજ ગ્રંથાયલની ભૌતિક માળખાગત સુવિધાઓ, મેનેજમેન્ટની ભૂમિકા અને ભાવિ યોજના તથા નાણાંકીય ભંડોલ જેવી બાબતોનું નિરીક્ષણ અને પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં અધ્યાપકોમાં રરેલી સર્ગશકિત અને રિસર્ચ કવોલિટી અને તે અંગેની રહેલી ક્ષમતાઓ બિરદાવી હતી.

આ અંગે કોલેજના આચાર્ય અને મંડળના વહીવટદારને પૂછતા તેઓએ જણાવેલ કે નેક પિયર ટીમ કોલેજની પાયાગત માળખાકીય સુવિધાઓ, પર્યાવરણની જાળવણી અને એકેડેમિક વિકાસની દષ્ટિએ મહત્તમ સંતોષ વ્યકત કર્યો છે અને તેનો સારો શ્રેય વિદ્યાર્થીઓ, વાલીઓ અને સ્ટાફને ફાળે જાય છે. પરંતુ અમોને અમારા નિર્ધારિત લક્ષ સુધી પહોચવામાં સંચાલક મંડળનો આંતરકલહ, કોર્ટ કેસો અને મંડળના નાણાંકીય ભંડોળ તેમજ નવીન ટેકનીકલ કોર્સિસનો અભાવ જેવી બાબતો વિઘ્નકર્તા બની હોવાનું જણાવ્યું છે તેમ છતાં અમો ટૂંક સમયમાં કેન્દ્રિય નેક કમિટીમાં નિર્ધાર્ત એ ગ્રેડના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે અમો ખૂબ જ આશાવાદી અને કર્મશીલ છીએ.

# પ્રાંતિજમાં ટીડીઓની જગ્યા ચાર્જ ઉપર

## તાલુકાની જનતા ધરમ ના ધક્કા ખાઈ છે : ઉપલાં અધિકારી હપ્તાની લ્હાયમાં આંખ આડે કાન : સ્થાનિક ચુંટણીઓ પહેલાં સ્થાનિક ચાર્જમાં રહેલ ટીડીઓની બદલીની માંગ

પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે છેલ્લા કેટલાય સમયથી તાલુકા વિકાસ અધિકારી ની જગ્યા ખાલી પડેલ છે અને જે તંત્ર દ્વારા નિયમોને નેવે મુકીને હાલ ટીડીઓ નો ચાર્જ ધણા સમય થી સ્થાનિક નેજ આપવામાં આવ્યો છે ત્યારે હાલતો તાલુકાની પ્રજા સહિત તાલુકા પંચાયતનો સ્ટાફ તથા તાલુકા પ્રમુખ માં અસંતોષ છે ત્યારે ઉપલાં અધિકારીઓ ની મીલી ભગતથી સ્થાનિક ને જ ચાર્જ અપાતાં હાલતો નીચે થી ઉપર સુધી ધી કેળા છે અને તાલુકા ની પ્રજા ને ધરમ ના ધક્કા ખાવાનો વારો આવ્યો છે.

પ્રાંતિજ ખાતે છેલ્લાં ધણાં સમય થી ટીડીઓ ની ખાલી પડેલ કાયમી જગ્યા માત્ર ચાર્જ માં ચાલે છે અને વિકાસ અધિકારી જગ્યા માં નિયમો ને નેવે મુકીને સ્થાનિક ને વિકાસ અધિકારી નો ચાર્જ આપવામાં આવ્યો છે અને ચાર્જ માં રહેલ ટીડીઓ દ્વારા પોતાનાં સત્તા નો દુર ઉપયોગ કરતાં હોવાની રાહ તથા તાલુકા ની પ્રજા ને કામો ને લઈને ધરમના ધકકા અને પૈસા તથા સમય પણ બગડે છે જયારે બીજીબાજુ સ્ટાફ સાથે પણ ઉધ્ધત વર્તન તથા તાલુકા પ્રમુખ દ્વારા પણ ચાર્જ માં રહેલ ટીડીઓ સામે ઉપલા અધિકારીઓને લેખિત માં અરજીઓ કરવામાં આવી છે છતાં તંત્ર ની મીલી ભગત થી ધ્યાનમાં લેવામાં આવતું નથી જયારે વિકાસ અધિકારી સ્થાનિક ના હોવાં જોઈએ છતાં તંત્ર ની મીલીભગત થી અને ઉપર સુધી હપ્તાઓની માયા અને અધિકારીઓ ની દયા ભાવનાથી પ્રાંતિજના સ્થાનિક ને જ વિકાસ અધિકારી નો હાલ છેલ્લા ધણાં સમય થી ચાર્જ આપવામાં આવ્યો છે ત્યારે બીજી બાજુ તાલુકાઓમાં સ્થાનિક ચુંટણીઓ પણ આવે છે અને તાલુકા વિકાસ અધિકારીનો ચાર્જ પણ પ્રાંતિજ તાલુકાનાં સ્થાનિકના હાથ માં છે ત્યારે ચુંટણી પહેલાં આ ચાર્જ બદલવામાં આવે કે જગ્યા ભરવામાં આવે તેની હાલતો તાલુકાના લોકોની માંગ ઉઠાવ પામી છે અને ચાર્જ માં રહેલ ટીડીઓ દ્વારા કરવામા આવેલ ઉઘરાણાં ની પણ તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે તેવી માંગ ઉડવા પામી છે.



ગાંધીનગર તાલુકાના મગોડી પ્રાથમિક શાળા ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ-ગાંધીનગર દ્વારા એક કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ હતી. જેમાં પી.એલ.વી. નટુભાઈ પટેલ તથા જયરામભાઈ સોનીએ બાળકોનો અધિકારો અને વ્યસનમુક્તિ વિશે કાયદાકીય સમજ અને માહિતી પુરી પાડી હતી. આ શિબિરમાં શાળામાં આચાર્ય જયેશભાઈ બાવા, ચિલોડા પ્રાથમિક શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ, શાળાના એસ.એમ. સીના અધ્યક્ષ ભરતજી ઠાકોર તથા ગ્રામ આગેવાનો, ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ચીચલો ગામના આશાસ્પદ યુવાનનું અકસ્માતે મોત

મોડાસા, તા.૪

રવિવારે મોડાસા તાલુકાના ચીચણો ગામના અને ઉદેપુર મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરતા આશાસ્પદ યુવાનની બાઈક સ્લીપ થઈ જતાં ફંગોળાઈ ડિવાઈડર સાથે માથું અથડાતાં કમકમાટી ભર્યુંમોત નિપજ્યું હતું. મોડાસા તાલુકાના મોટી ચીચણો ગામનો મેડિકલ કૉલેજનો વિદ્યાર્થીની બાઈક સ્લીપ થતા અકસ્માતે મોત નિપજતા તેજસ્વી તબીબ ગુમાવવાની લાગણી ફેલાઈ હતી. મોટી ચીચણો ગામના અને શિક્ષક પિતાના પુત્ર ધવલ દિલીપભાઈ પટેલ (ઉ.વ.૨૦) ઉદેપુર ખાતેની મેડિકલ કૉલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો. રવિવારે સવારે ઘરેથી ઉદેપુર કૉલેજ અભ્યાસ જવા નિકળેલો યુવાન માંડ ૧૦ કિ.મી. ગાજણ ગામના ટોલ પ્લાઝા નજીક પહોંચ્યો ત્યાં જ બાઈક (જીજે-૦૯-સીટી-૨૧૪૪) અચાનક સ્લીપ મારી જતાં યુવાન બાઈક પરથી ફંગોળાઈ રોડ પરના ડિવાઈટર સાથે ટકરાયો હતો અને મોતને ભેટ્યો હતો.

## કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

વિગતો સાથે આધાર પુરાવાની ચકાસણી થવી જોઈએ, ઘડ માથા વગરના મુદ્દા આધાર પુરાવા વગર ચલાવી ના શકાય.

માહિતી અધિકારના કાયદાનો જાહેર હિતની અરજીમાં ગેર ઉપયોગ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. સૂંઢના ગાંગડે ગાંધી થવા કઈ કેટલાય નેતાઓ મોં દબાવી નાક ખોલવા પોતાનો સ્વાર્થ સાધવા પ્રજાહિતનું નામ આગળ ધરી હાટડીઓ ખોલી ન્યાય તંત્રનો વેપાર જ કરી રહ્યા છે.

તાજેતરમાં ૫૦૦, ૧૦૦૦ ની નોટો ચલમાંથી રદબાતલ ઠરાવતા સરકાર સામે કંઈ કેટલીય અરજીઓ હાઈકોર્ટ, સુપ્રિમ કોર્ટમાં કરવામાં આવી જેમાં ન્યાય તંત્રનો કિંમતી સમયના બગાડ સીવાય કોઈ જ અર્થ ના રહ્યો તેમ છતાં સસ્તી પબ્લીકસીટી માટે સંસ્થાના કાર્ય કરતાઓ દ્વારા જનહિતના નામે ખોટી અરજીઓ કરી પોતાનું હિત જાળવવાના પ્રયત્નો કરતા જ રહે છે જે ન્યાય તંત્ર માટે કાલીક છે, ન્યાય તંત્રની ગરીમાને ખંડનરૂપ બાલીસ પ્રયાસ માત્ર છે.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

આવતા મહિનાઓમાં હિંસક અથડામણો જરૂર સર્જાવાની. ૧૯૮૪માં વડાં પ્રધાન ઈંદિરા ગાંધીની હત્યાને પગલે દિલ્હીમાં ૩૦૦૦ શીખોની કત્લેઆમ કૉંગ્રેસી સત્તાધીશોની નિશ્રામાં થયાનો મુદ્દો પણ અકાલી અને ભાજપ બેઉ તરફથી ખૂબ ઊછાળવામાં આવશે. કારણ આ મુદ્દે કૉંગ્રેસની નેતાગીરીને ભીંસમાં લઈ શકાશે.

બાદલ સરકારે ભારતના પંજાબ અને પાકિસ્તાનના પંજાબના લોકોની વચ્ચે સેતુ રચવા માટે પંજાબિયતનો મુદ્દો આગળ કરીને બે દેશના સંયુક્ત ઉત્સવોનાં આયોજન કર્યાં હતાં, પણ વર્તમાન સંજોગોમાં પઠાણકોટ હુમલા, ઉરી હુમલા તેમજ કાશ્મીર અને પંજાબમાં આતંકી પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવાના પાકના નાપાક ઈરાદાઓને કારણે પંજાબિયતની ભાવનાને પ્રતિકૂળ અસર પહોંચી છે. જોકે આવા તણાવભર્યા સંજોગોમાં પણ પાકિસ્તાનમાં આવેલા શીખ ધર્મના સંસ્થાપક અને પ્રથમ

આભાર - નિહારીકા રવિયા ગુરૂ એવા ગુરૂ નાનકના જન્મસ્થળ નાનકાના સાહેબની યાત્રાએ જવા માટેના યાત્રાળુઓના જથ્થાને અનુકૂળતા કરી અપાઈ છે. એ જ રીતે પાકિસ્તાનથી શીખ શ્રદ્ધાળુ ભારત આવી શકે એમાં પણ અવરોધ સર્જાયો નથી. ધર્મ બધાને જોડે છે.

- haridesai@gmail.com

## અલગ પડ્યું ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. આતંકવાદને સમર્થન કરનાર અને આર્થિક મદદ કરનારની સામે પણ કાર્યવાહી થવી જોઈએ. અમા જણાવવામાં આવ્યું છે કે, અફઘાનિસ્તાનમાં તાલિબાન, આઈએસ, લશ્કરે તોઈબા, જૈશે મોહમ્મદ જેવા સંગઠનો દ્વારા ફેલાવવામાં આવી રહેલી હિંસા ખુબ જ ખતરનાક છે. અમૃતસર ઘોષણાપત્રમાં કહેવામાં આવ્યું છે કે, અમે આંતરરાષ્ટ્રીય સમુદાયને અફઘાનિસ્તાનની સરકારને પોતાની મદદ કરવા માટે અપીલ કરી રહ્યા છે. અમે આતંકવાદના દરેક રુપને ખતમ કરવા માટે પારસ્પરિક સહકારની માંગ કરી રહ્યા છે. હાર્ટ ઓફ એશિયા રિઝનમાં આતંકવાદીઓના અડ્ડાઓને ફૂંકી મારવાની પણ વાત કરવામાં આવી છે. અરુણ જેટલીએ કહ્યું હતું કે, આતંકવાદ કોન્ફરન્સમાં ચર્ચાના મુખ્ય કેન્દ્રમાં રહ્યો હતો. અફઘાનિસ્તાનમાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતા સામે ત્રાસવાદના લીધે ખતરો ઉભો થયો છે. અફઘાનિસ્તાન વિકાસ પામે તે મુખ્ય હેતુ રહેલો છે. જેટલીએ એમ પણ કહ્યું હતું કે, કટ્ટરપંથી અને આતંકવાદી નેટવર્કમાં યુવાનોની ભરતી કરવાના ગંભીર પ્રયાસોને રોકવાના પ્રયાસ થઈ રહ્યા છે. જેટલીએ પાકિસ્તાન ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, અફઘાનિસ્તાન જેવા પડોશી દેશો આતંકવાદનો ખાતમો કરવા કટિબદ્ધ બનેલા છે. આતંકવાદને સંપૂર્ણપણે રોકવાના મુદ્દા ઉપર આમા મહત્વપૂર્ણ ચર્ચા થઈ હતી. પાકિસ્તાન પર બેવડા પ્રહાર આ બેઠકમાં કરવામાં આવ્યા હતા.

## નવી નોટ ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપલબ્ધથાને વધારાને હેતુસર આ નિર્ણય કરવામાં આવ્યો છે. ૮મી નવેમ્બરના દિવસે નોટબંધીનો નિર્ણય કરવામાં આવ્યા બાદથી બજારમાં નાના ચલણને લઈને સમસ્યા પ્રવર્તી રહી છે. આવી સ્થિતિમાં આને લઈને ભારે ચર્ચા જોવા મળી રહી છે. બીજી બાજુ મળેલી માહિતી મુજબ આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલ બે લાખ રૂપિયાનો પગાર મેળવી રહ્યા છે.

તેમના આવાસ ઉપર અન્ય કોઈપણ સ્ટાફ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો નથી. સપ્ટેમ્બર મહિનામાં આરબીઆઈના ગવર્નર તરીકે ઉર્જિત પટેલે જવાબદારી સંભાળી હતી. હાલમાં તેઓ બેંકના ફલેટ મુંબઈમાં રહે છે જે ડેપ્યુટી ગવર્નરના ફલેટ તરીકે છે. વર્તમાન ગવર્નરને તેમના આવાસ ઉપર કોઈપણ સપોર્ટિંગ સ્ટાફ આપવામાં આવ્યો નથી. વર્તમાન ગવર્નરને બે કાર અને બે ડ્રાઈવરો આપવામાં આવ્યા છે. આરટીઆઈ અરજીના જવાબમાં આ અંગેની વિગત પુરી પાડવામાં આવી છે. અરજીમાં પૂર્વ આરબીઆઈ ગવર્નર રઘુરામ રાજન અને નવા ગવર્નર પટેલને આપવામાં આવી રહેલી સુવિધાઓ અંગે વાત કરવામાં આવી હતી. ઓક્ટોબરના મહિનામાં પટેલનો પ્રથમ સંપૂર્ણ મહિનો ગવર્નર તરીકે હતો. આ ગાળામાં તેમનો પગાર ૨.૦૯ લાખ રૂપિયા હતો. ઓગસ્ટના પગારમાં રઘુરામ રાજનનો પણ આજ પગાર હતો. રાજને ચોથી સપ્ટેમ્બરના દિવસે હોદ્દો છોડ્યો હતો. ચાર દિવસ માટે પૈસા તરીકે તેમને ૨૭૯૩૩ રૂપિયા આપવામાં આવ્યા હતા. રાજને ૫મી સપ્ટેમ્બર ૨૦૧૩ના દિવસે આરબીઆઈ ગવર્નર તરીકેનો હવાલો સંભાળ્યો હતો.

## આજે જાહેરનામું ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીમાં પ્રચારમાં મોબાઈલ ફોનનો ભરપૂર ઉપયોગ ઉમેદવારો કરશે. વૉટ્સઍપ મૅસેજ થકી પ્રચાર અભિયાન જામશે તેમ રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

પક્ષીય ધોરણે સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડાતી નથી પરંતુ જિલ્લા-તાલુકાના નેતાઓના માર્ગદર્શન હેઠળ આ ચૂંટણીમાં આગેવાનો ઝુકાવતા હોય છે.

## સલામતી જોખમાઈ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીજીતરફ સેકટરોમાં રીક્ષાચાલકો પણ ગમે ત્યાં રીક્ષા પાર્ક કરી દેતા નવી માર્ગ સલામતીને મુદ્દે નવી સમસ્યા ઉભી થઈ છે.

શહેરના મુખ્ય માર્ગો પર ઘ-૨ અને પથિકાશ્રમ તેમજ સિવિલ કેમ્પસના મુખ્ય ગેટ પાસે માર્ગ વચાળે જ રીક્ષા ઉભી કરી દેવાય છે. જેના લીધે માર્ગ પર અવરજવર કરતા ટ્રાફિક માટે ખલેલ ઉભી થાય છે. જયારે માર્ગ સલામતી પણ જોખમમાં મુકાય છે. આવા સંજોગોમાં રીક્ષા સ્ટન્ડ બનાવાની યોજના પણ હજુ સાકાર ન થતા ટ્રાફિકને લગતી સમસ્યા દિનપ્રતિદિન વધતી જાય છે.

# કેશલેસ વેવ વચ્ચે આજથી વ્યાપક જનજાગૃત્તિ ઝુંબેશ

અમદાવાદ,તા. ૪

કેશલેસ પ્રવાહ ચાલી રહ્યો છે ત્યારે ગુજરાત સરકાર આવતીકાલથી ડિજિટલ ફાઈનાન્સિયલ ટ્રાન્ઝીક્શનમાં લોકોને ટ્રેનિંગ આપવા વ્યાપક ઝુંબેશ હાથ ધરનાર છે. આના માટેની તૈયારી કરી લેવામાં આવી છે. આવતીકાલથી મોટાપાયે કાર્યવાહી શરૂ થશે. પ્રથમ તબક્કામાં સરકારી અધિકારીઓ સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન અને ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટ્યુર ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ ઈન્ફોમેટિક્સમાં હાથ ધરશે. આ સંદર્ભમાં ચીફ સેક્રેટરી જેએન સિંહે હાલમાં જ જુદા જુદા એમ્પ્લોઈઝ એસોસિએશન સાથે વાતચીત કરી હતી. સિંહે કહ્યું હતું કે, કર્મચારીઓને જાગૃત કરવામાં આવશે. કર્મચારીઓની સાથે સાથે સામાન્ય લોકોને મુશ્કેલીમાંથી બહાર કાઢવા માટે ટ્રેનિંગ આપવામાં આવશે. સોમવારથી આ કવાયત હાથ ધરવામાં આવશે. સાથ લાખથી વધુ સરકારી કર્મચારીઓ આ સમગ્ર કવાયતમાં જોડાશે. ડિજિટલ લેવડદેવડમાં સાત લાખ કર્મચારીઓ ટ્રેનિંગમાં જોડાશે જેનો મુખ્ય હેતુ લોકોને તકલીફ ન પડે તે રહેશે. ગુજરાતમાં ઈ-ટ્રાન્ઝીક્શન ઉપર સિમ્પલ ટ્રેનિંગ મોડલ હાથ ધરવામાં આવનાર છે. તમામ એમ્પ્લોઈઝ યુનિયન અને સરકારી વિભાગના અધિકારીઓ આ ઝુંબેશમાં સામેલ થઈ શકે છે. આધારકાર્ડના ડેટાનો ઉપયોગ લોકો સુધી પહોંચવા માટે કરવામાં આવશે. સરકારી સંસ્થાઓ, કોર્પોરેશન, મ્યુનિસિપલ સંસ્થાઓ અને બેંકોને પણ પબ્લિક ટ્રેનિંગ આપવા માટે કહેવામાં આવ્યું છે. ઓર્ગેનાઈઝ્ડ સેક્ટરમાં રહેલી ઈન્ડસ્ટ્રીઓને પણ કહેવામાં આવ્યું છે. તેમના કર્મચારીઓને તાલીમ આપવા માટે આ તમામને કહેવામાં આવ્યું છે. સૌથી પહેલા ચાર મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં લોકો ઉપર ધ્યાન કેન્દ્રિત કરાશે. સોશિયલ મિડિયા મારફતે મોબાઈલ સર્વિસ પ્રોવાઈડરો ટ્રેનિંગ મોડલ મોકલશે.